# “<u>વર્કિંગ પ્રોફેશનલ</u>” ના પ્રવેશ અંગેની માર્ગદર્શિકા:

<u>વર્કિંગ પ્રોફેશનલના પ્રવેશની લાયકાત:</u>

- એઆઈસીટીઈ ના નિયમ મુજબ જે તે ઉમેદવાર હાલ જે કંપનીમાં નૌકરી કરી રહેલ હોય તે કંપની (જે રજિસ્ટર્ડ ઉદ્યોગ/ સંસ્થા (કેન્દ્રીય/રાજ્ય) /ખાનગી/ પબ્લિક લિમિટેડ કંપની/ MSMEs હોઈ શકે છે) ની 50 કિલોમીટરની ત્રિજ્યામાં આવેલ હોય તેવી સંસ્થામાં પ્રવેશ માટે લાયક રહેશે.
- કુલ ઓછામાં ઓછો એક વર્ષનો પૂર્ણ સમય(નિયમિત) કામ કરવાનો અનુભવ અને હાલ નોકરી ચાલુ હોવી આવશ્યક રહેશે.
- એઆઈસીટીઈ ના નિયમ મુજબ ડિપ્લોમા અભ્યાસક્રમના બીજા વર્ષમાં સીધા પ્રવેશ એટલે કે લેટરલ એન્ટ્રી પ્રવેશ માટેની લાયકાત જરૂરી રહેશે .

<u>રજીસ્ટ્રેશન</u>

- ઉમેદવારે જે સંસ્થામાં પ્રવેશ મેળવવો હોય તે સંસ્થાનો સંપર્ક કરવાનો રહેશે.
- સંસ્થાના નોડલ અધિકારીશ્રીએ પોતાની સંસ્થા માટે ઉમેદવારનું રજીસ્ટ્રેશન એસીપીડીસી દ્વારા આપવામાં આવેલ વેબ પોર્ટલ ઉપર કરવાનું રહેશે.
- સંસ્થાના નોડલ અધિકારીશ્રીએ એસીપીડીસીના નિર્ધારિત ફોર્મેટમાં આવેલ અનુભવના પ્રમાણપત્રમાં દર્શાવેલ કંપની, પોતાની સંસ્થાના 50 કિલોમીટરની ત્રિજ્યાના અંતરમાં છે તે ચકાસીને સર્ટિફિકેટ ઉપર સહી અને સિક્કા કરી અપલોડ કરવાનું રહેશે.
- ઉમેદવારે એસીપીડીસી દ્વારા નક્કી કરેલ રજીસ્ટ્રેશનથી ફી ચૂકવવાની રહેશે.
- સંસ્થા એક અથવા એક થી વધુ ઉમેદવારોની ફી એસીપીડીસી ના એકાઉન્ટમાં જમા કરી શકશે અને તેનો ટ્રાન્ઝેક્શન નંબર વેબ પોર્ટલ પર નાખ્યેથી તે વિદ્યાર્થીની માહિતી માં , ફી ભરાઈ ગયેલ હોવાનું દર્શાવશે.
- જો એક કરતાં વધારે ઉમેદવારની ફી જમા કરવામાં આવેલ હોય તો તે કિસ્સામાં જે ઉમેદવારની ફી ભરાયેલ હોય તેના નામ સિલેક્ટ કરીને નોડલ અધિકારીશ્રીએ વેબ પોર્ટલમાં અપડેટ કરવાનું રહેશે.
- ઉમેદવારે અસલ અનુભવનું પ્રમાણપત્ર **(Original Experience Certificate)** નોડલ ઓફિસરશ્રી ને જમા કરાવવું.

<u>રજીસ્ટ્રેશન વખતે જરૂરી સર્ટિફિકેટ અથવા દસ્તાવેજની યાદી</u>

1. ઉમેદવારનો પાસપોર્ટ સાઇઝ ફોટો
2. ધોરણ 10 (એસએસસી) પાસ ની તમામ પ્રયત્નોની માર્કશીટ
3. આઈ.ટી.આઈ ના બંને વર્ષની માર્કશીટ અથવા તમામ સેમેસ્ટરની માર્કશીટ
4. એસીપીડીસીના નિર્ધારિત ફોર્મેટમાં કંપની દ્વારા અપાયેલ અનુભવનું પ્રમાણપત્ર
5. કેટેગરી સર્ટિફિકેટ( **SC,ST,SEBC & NCL ,EX / IN SERVICEMAN,EWS**) (લાગુ પડતાં કિસ્સામાં )
6. **Physically Handicap (PH)** અંગેનું સિવિલ સર્જન દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર (લાગુ પડતાં કિસ્સામાં)

## દસ્તાવેજોની ઓનલાઈન ચકાસણી

- રજીસ્ટર થયેલ તમામ ઉમેદવારોના દસ્તાવેજોની ઓનલાઇન ચકાસણી સમિતિ દ્વારા કરવામાં આવશે.
- જો કોઈ ઉમેદવારના દસ્તાવેજો ખૂટતા અથવા ઉણપ વાળા જણાશે તો તે ઉમેદવારના જે તે દસ્તાવેજો અંગે કવેરી કરવામાં આવશે જે સંસ્થાના વેબ પોર્ટલના લોગીનમાં દેખાશે.
- ઉમેદવાર પાસેથી જે તે દસ્તાવેજો મંગાવી સંસ્થા દ્વારા વેબ પોર્ટલ પર અપલોડ કરવાના રહેશે.

## મેરીટ (યોગ્યતા યાદી)

- રજીસ્ટર થયેલા અને ચકાસણી દરમ્યાન દસ્તાવેજો યોગ્ય માલૂમ પડેલ છે તેવા ઉમેદવારો ની એક કોમન મેરીટ યાદી બનાવવામાં આવશે.
- આ મેરીટ યાદી ડિપ્લોમા અભ્યાસક્રમના બીજા વર્ષમાં સીધા પ્રવેશ (Lateral Entry) માટેના પ્રવર્તમાન નોટિફિકેશનમાં ઉલ્લેખિત પદ્ધતિ મુજબ બનાવવામાં આવશે.

## પ્રવેશ ફાળવણી

- મેરીટ યાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોને પ્રવેશ ફાળવણી એસીપીડીસી ખાતેથી અથવા ACPDC દ્વારા સંસ્થા ખાતેથી ઓફલાઈન રાઉન્ડ દ્વારા કરવામાં આવશે.
- એઆઇસીટીઇના નિયમ મુજબ વર્કિંગ પ્રોફેશનલ માટેની જે-તે સંસ્થાની જે-તે અભ્યાસક્રમ(બ્રાન્ચ)ની પ્રવેશ ક્ષમતાના ૩૩%(૧/૩) ની પ્રવેશ ફાળવણી થયેલ હશે તો જ તે અભ્યાસક્રમ(બ્રાન્ચ) શરૂ થઈ શકશે.